

For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

કેસર-પિસ્તા ઘારી કિલોએ ૩.1000 પાર કરશે

જલેબી 700ને પાર, જ્યારે ફાફડા 600ની આસપાસ પ્રતિકિલો પહોંચી જશે

આ વર્ષે સુરતીઓને સ્વાદનો ચટાકો મોંઘો પડી શકે છે







ઘારી તથા ભૂસાની કિંમતોમાં પણ 15થી 20 ટકાનો વધારો

મીઠાઈ વિક્રેતા હિમાંશુ સુતરીયાના જણાવ્યા મુજબ, દશેરા બાદ આવનારા તહેવારોને ધ્યાનમાં રાખીને વિવિધ પ્રકારની ઘારી અને ભૂસાની કિંમતોમાં પણ વધારો થવાની શક્યતા છે. ગયા વર્ષે એક કિલે કેસર-પિસ્તા ઘારીનાં ૩ 960 હતા જે આ વર્ષે વધીને ૩ 1000 સુધી ગયો છે. જ્યારે બદામ-પિસ્તા ઘારીનાં ૩,920 થી વધીને 960 થયો છે. આ ઉપરાંત વિવિધ પ્રકારની ઘારીના ભાવમાં આ વર્ષે આશરે 15થી 20 ટકાનો વધારો થવાનો અંદાજ છે.ઘારી બનાવવામાં વપરાતા ઘી, દૂધ, માવો, ખાંડ સહિતની કાચી સામગ્રીના ભાવમાં વધારો થયો છે. બીજી તરફ ભૂસામાં ઉપયોગમાં લેવાતા ખાદ્યતેલના ભાવમાં પણ ઉછાળો આવ્યો હોવાથી તેની અસર તૈયાર મીઠાઈના ભાવ પર પડશે.વેપારીઓના જણાવ્યા મુજબ, કાચા માલના ભાવમાં વધારો થવાથી ઉત્પાદન ખર્ચ વધ્યો છે. તેમાં ગેસ અને મજૂરી ખર્ચનો પણ ઉમેરો થતાં મીઠાઈના ભાવમાં વધારો અનિવાર્ય બન્યો છે.તહેવારો દરમિયાન સુરતમાં ઘારી અને વિવિધ પ્રકારના ભૂસાની પણ મોટી માંગ ...અનુસંધાન પાના 11 પર

સુરતઃ વિજયાદશમીના પર્વને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે સુરતીઓના મનપસંદ ફાફડા-જલેબીના ભાવમાં પણ મોંઘવારીની અસર જોવા મળી રહી છે. દશેરાના દિવસે ફાફડા-જલેબી ખાઈને પર્વની ઉજવણી કરવાની સુરતીઓની પરંપરા છે, પરંતુ આ વખતે આ પરંપરાનો સ્વાદ ખિસ્સા પર ભારે પડી શકે છે. કાચા માલ સહિત ગેસ અને મજૂરીના ખર્ચમાં વધારો ...અનુસંધાન પાના 11 પર

'સેવાના રંગ, રાષ્ટ્રના સંગ': માનવ રંગોળીથી રચાયું અદભૂત દશ્ય



■ સુરત મહાનગરપાલિકા દ્વારા 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત 'સેવાના રંગ, રાષ્ટ્રના સંગ' થીમ હેઠળ VNSGUના એમ્ફિથિયેટર ખાતે એક ભવ્ય 'માનવ રંગોળી' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલની વિશેષ ઉપસ્થિતિમાં અને સુરતના મેયર માયાબેન માવાણીના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં 'ઘર-ઘરથી રાષ્ટ્ર સુધી આભાર અને સંકલ્પની રંગોળી' દ્વારા શહેરની સેવા, સંસ્કૃતિ, વિકાસ અને ઉજ્જવળ ભવિષ્ય પ્રત્યેના સામૂહિક ગૌરવ તેમજ સંકલ્પને ઉજાગર કરવાનો વિશિષ્ટ પ્રયાસ કરાયો હતો.

લાઈન બદલવા મંગળવારે પાલમાં પાણી પુરવઠો બંધ

જૂની લાઈનમાં સતત ભંગાણ પડતું હોવાથી નવી લાઈન નાંખવામાં આવી હતી, પાણીનો સંગ્રહ કરી લેવા અપીલ

સુરતઃ આવતા પાલ વિસ્તારમાંથી પસાર થતી મુખ્ય પાણીની લાઈન બદલવાની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. આ વર્ષો જૂની પાઈપલાઈનમાં વારંવાર ભંગાણ પડવાના કારણે મોટા પ્રમાણમાં પાણી લીકેજ થવાની ગંભીર સમસ્યા સર્જાતી હતી. આ સમસ્યાના કાયમી ઉકેલ માટે હાઈડ્રોલિક વિભાગ દ્વારા હયાત જૂની લાઈનની જગ્યાએ 500 એમએમ વ્યાસની નવી એમ.એસ. (MS/SS) લાઈન નાખવાનું આયોજન કરવામાં આવ્યું છે. લાઈન બદલવાની આ ટેકનિકલ કામગીરીના કારણે આગામી મંગળવાર એટલે કે 6 ઓક્ટોબરે રાંદેર ઝોનના પાલ સહિતના વિવિધ વિસ્તારોમાં મનપા દ્વારા દૈનિક પાણી પુરવઠો પૂરો પાડી શકાશે નહીં તેમ જણાવાયું છે.

મનપાના હાઈડ્રોલિક વિભાગ દ્વારા જણાવ્યા અનુસાર, મંગળવારે દિવસ દરમિયાન લાઈન જોડાણ અને રિપેરિંગની કામગીરી પૂર્ણ કરવામાં આવશે. ત્યારબાદ બીજા દિવસે એટલે કે બુધવારે, 7 ઓક્ટોબરે પણ આ વિસ્તારોમાં પાણી પુરવઠો સામાન્ય દિવસો કરતાં ઓછા પ્રેશરથી અને ઓછા જથ્થામાં મળવાની શક્યતા રહેલી છે. આ સંજોગોમાં નાગરિકોને દૈનિક વપરાશમાં કોઈ મુશ્કેલી કે હાલાકીનો સામનો ન કરવો પડે તે માટે મનપા દ્વારા અગાઉથી જ જરૂરિયાત મુજબ પૂરતા પ્રમાણમાં પાણીનો સંગ્રહ કરી લેવા આગ્રહભરી અપીલ કરવામાં આવી છે. પાઈપલાઈન બદલવાનું કામ પૂર્ણ ...અનુસંધાન પાના 11 પર

સચિન-તલંગપુર રોડ પર આવેલી AtoZ

હોસ્પિટલની ઉપરના છઠ્ઠા માળે ગેરકાયદે મકાનમાં આગ લાગી

શોર્ટ સર્કિટને કારણે આગ પહેલા એક રૂમના બાથરૂમમાં લાગી અને બાદમાં આખા ઘરને લપેટમાં લઈ લીધું

હોસ્પિટલમાં આગ લાગ્યાનું સમજી પાંચ ફાયર સ્ટેશનની 8 ગાડીઓ દોડી આવી



સુરતઃ શહેરના સચિન વિસ્તારમાં તલંગપુર રોડ પર આવેલી 'એ ટુ ઝેડ મલ્ટિ સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલ'માં ગેરકાયદે રીતે બનાવાયેલા રહેણાંક મકાનની અંદર સાંજના સમયે લાગેલી ભીષણ આગને કારણે ફાયર બ્રિગેડ વિભાગ દોડતું થઈ ગયું હતું. બનાવની ગંભીરતાને ધ્યાને રાખીને તુરંત જ પાંચ ફાયર સ્ટેશનની આઠ જેટલી ગાડીઓનો કાફલો તેમજ બે ટીટીએલ મશીન ઘટનાસ્થળે ખડકી દેવામાં આવ્યા હતા. જોકે, સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ પણ પ્રકારની જાનહાનિ કે ઈજા થવા પામી ન હતી. ફાયર બ્રિગેડના જવાનોએ ભારે જેહમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, આગ હોસ્પિટલના છઠ્ઠા માળે ચાલતા ગેરકાયદે રહેણાંક રૂમમાં લાગી હતી, પરંતુ હોસ્પિટલમાં જ આગ ...અનુસંધાન પાના 11 પર

હોસ્પિટલની ફાયર સિસ્ટમ માત્ર શોભાના ગાંઠિયા સમાન નીકળી

ઘટનાસ્થળે પહોંચેલા ફાયર બ્રિગેડના જવાનોએ આગ બુઝાવવાની સાથે હોસ્પિટલની પોતાની ફાયર સેફ્ટી સિસ્ટમ ઓપરેટ કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ આશ્ચર્યજનક રીતે હોસ્પિટલની ફાયર સિસ્ટમ બિલકુલ બંધ હાલતમાં મળી આવી હતી. જેના કારણે કટોકટીના સમયે તેનો કોઈ જ ઉપયોગ થઈ શક્યો ન હતો. શહેરમાં આવેલી આવી અનેક વ્યાપારી અને તબીબી મિલકતોમાં માત્ર કાગળ પર કે દેખાડા ખાતર જ ફાયર સિસ્ટમ લગાવી દેવામાં આવે છે, પરંતુ જ્યારે આવી કોઈ વાસ્તવિક હોનારત સર્જાય છે ત્યારે આ સિસ્ટમ સાવ ધૂળ ખાતી કે બિનકાર્યરત સાબિત થાય છે, જે તંત્ર માટે તપાસનો વિષય બન્યો છે.

સચિન જીઆઈડીસી વિસ્તારમાંથી બુમર મશીન અને ફાયરની ગાડીઓ મોકલાઈ

સચીન જીઆઈડીસી વિસ્તારમાંથી બુમર મશીન પણ હોસ્પિટલની આગ માટે મોકલાયું હતું. ઈન્ડસ્ટ્રી વિસ્તારમાં આગ લાગવાના બનાવમાં ખાસ વપરાતું આ બુમર મશીન ડ્યુઅલ ઉપયોગમાં આવે છે. જે પાણી છોડવાની સાથે સાથે ફોગિંગ પણ કરે છે. જેથી હોસ્પિટલની આગ હોવાથી તાકીદે બુમર મશીન મોકલાયું હતું, સાથે સાથે સચીન ઈન્ડસ્ટ્રીઝમાંથી પણ ફાયરની ગાડીઓ રવાના કરવામાં આવી હતી.

હોસ્પિટલ સંચાલકોએ આર્થિક લાભ ખાતર છઠ્ઠો માળ ભાડે આપી દીધો હોવાનો ખુલાસો

હોસ્પિટલના સંચાલકોએ આર્થિક લાભ મેળવવાની ઘેલછામાં છઠ્ઠા માળે ગેરકાયદે રીતે રહેણાંક વિસ્તાર બનાવી દીધો હતો અને હોસ્પિટલ સાથે કોઈ લેવાદેવા ન હોય તેવા બહારના લોકોને રહેવા માટે ભાડે આપી દીધો હતો. દરમિયાન આજે સાંજે ચાર વાગ્યાના અરસામાં છઠ્ઠા માળના રહેણાંક મકાનના બાથરૂમમાં શોર્ટ સર્કિટના કારણે અચાનક આગ ભભૂકી ઊઠી હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી આખા ઘરમાં પ્રસરવાનું શરૂ કર્યું હતું.



ગણતરીના દિવસોમાં નવી કોર્ટ બિલ્ડિંગનું ખાતમુહૂર્ત થશેઃ હર્ષ સંઘવી

સુરત બારના પદાધિકારીઓ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીને મળ્યા

સુરતઃ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ નવી કોર્ટ બિલ્ડિંગનું ખાતમૂહુર્ત ગણતરીના દિવસો થઈ જશે તેમ આજે વકીલ મંડળનાં પ્રતિનિધિ મંડળને જણાવ્યું હતું. આજે સુરતમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની સર્કિટ હાઉસ ખાતે સુરત જિલ્લા વકીલ મંડળના પ્રમુખ ઉદય પટેલ, સંજય પટેલ, મુકુંદ રામાણી, કવન પટેલ, ફેની પટેલએ મુલાકાત લીધી હતી. આ મુલાકાતનો હેતું નવી કોર્ટ બિલ્ડિંગનું ખાતમુહૂર્ત અંગે વકીલોની જિજ્ઞાસા હતી. આ મુલાકાતમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ વકીલ મંડળનાં પદાધિકારીઓને વહેલામાં વહેલી તકે નવી કોર્ટ બિલ્ડિંગનું ખાતમુહૂર્ત કરવામાં આવશે તેમ જણાવ્યું હતું તેમજ નવી કોર્ટ બિલ્ડિંગનો પ્લાન તૈયાર થઈ ગયો છે. જેમાં કેટલાંક સુધારા કરવામાં આવી રહ્યાં છે. જે ગણતરીનાં દિવસોમાં પ્લાન તૈયાર થયેથી ખાતમુહૂર્તની તૈયારી કરવામાં આવશે.

ભાડા વિધેયક મામલે સુરત સહિત આખા રાજ્યમાં સોમવારથી વકીલોની હડતાળ

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની બેઠકમાં લેવાયો નિર્ણય, મુખ્યમંત્રી અને કાયદામંત્રીને રજૂઆત કરાશે

ગુજરાતની તમામ કોર્ટો, ટ્રિબ્યુનલ્સ અને રેવન્યુ કચેરીઓના કામકાજથી વકીલો અળગા રહેશે

સુરતઃ ગુજરાત સરકાર દ્વારા પાસ કરવામાં આવેલ 'ગુજરાત ભાડા વિધેયક, ૨૦૨૬' અંતર્ગત ભાડા સંબંધિત તકરારોના નિવારણની સત્તા સ્મોલ કોઝ કોર્ટ પાસેથી લઇને એડિશનલ કલેક્ટર અને ડેપ્યુટી કલેક્ટર જેવા વહીવટી અધિકારીઓને (એડમિનિસ્ટ્રેટિવ ઓથોરિટી) સોંપવાની જોગવાઈ સામે રાજ્યભરના વકીલોમાં ભારે ...અનુસંધાન પાના 11 પર

વકીલોની આગામી રણનીતિ શું રહેશે? આંદોલનના કયા મુખ્ય મુદ્દા છે?

1. કોર્ટ કામકાજથી બહિષ્કારઃ તા. ૦૫/૧૦/૨૦૨૬ (સોમવાર) થી પ્રશ્નનો સુખદ ઉકેલ ન આવે ત્યાં સુધી રાજ્યની તમામ કોર્ટો, ટ્રિબ્યુનલ્સ, ન્યાયિક અને અર્ધન્યાયિક ઓથોરિટીઓ તથા રેવેન્યુ કચેરીના કામોથી વકીલો અળગા રહેશે.
2. કોર્ટ કેમ્પસ બહાર પ્રદર્શનઃ જ્યાં સુધી માંગણી નહીં સંતોષાય ત્યાં સુધી વકીલો અને હોદ્દેદારો કોર્ટ કેમ્પસની બહાર મોટી સંખ્યામાં હાજર રહી રોજેરોજ વિરોધ પ્રદર્શનો યોજશે.
3. સરકાર સમક્ષ રજૂઆતઃ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતનું પ્રતિનિધિમંડળ ચેરમેન પી.ડી. ...અનુસંધાન પાના 11 પર

શું છે સમગ્ર વિવાદનું મુખ્ય કારણ?

વિધેયકની નવી જોગવાઈઓ મુજબ, ભાડાની તકરારો ઉકેલવાની જ્યુડિશિયલ ઓથોરિટીની સત્તાઓ છીનવીને વહીવટી તંત્રને સોંપવામાં આવી છે. વકીલો અને બાર એસોસિએશનોનું માનવું છે કે વહીવટી અધિકારીઓ પાસે પહેલેથી જ સરકારી કામોનું ભારે ભારણ અને સમયનો ...અનુસંધાન પાના 11 પર

હડતાળનાં ત્રીજા દિવસે પણ વકીલો વચ્ચે ઘર્ષણ

ગુજરાત ભાડા વિધેયકની સામે સુરત કોર્ટમાં ચાલી રહેલી હડતાળમાં આજે ત્રીજા દિવસે પણ વકીલો વકીલો વચ્ચે ભારે ઘર્ષણ જોવા મળ્યું હતું. કોર્ટ સંકુલમાં પ્રવેશવાનાં મુખ્ય ગેટ પાસે સુરત બારનાં પ્રમુખ ઉદય પટેલ, સંજય પટેલ, મુકુંદ રામાણી, યતીન ઢાકેચા, મયુર પટેલ ...અનુસંધાન પાના 11 પર

દહેજના ૨૫ લાખ હડપ્યા બાદ વધુ ૧૦ લાખ માટે પરિણીતા પર ત્રાસ

'તું સુગરવાળી કોફી પીશ તો તારી સાથે હું છોકરા પેદા નહીં કરું'

વાંસળી જેવા હાથ અને લાંબા વાળ અંગે મેણા-ટોણા મારી ૫ મિનિટમાં નાહીને બહાર નીકળી જવાનો સાસરિયા આદેશ કરતા હતા

પાલના કાસા રિવેરામાં રહેતા પતિ, સાસુ-સસરા અને દિયર સામે અડાજણ પોલીસમાં ગુનો નોંધાયો

સુરત : પાલ વિસ્તારમાં કાસા રિવિરા ખાતે રહેતા અને સુખી-સંપન્ન પરિવારના પરિણીત યુવક તથા તેના માતા-પિતા અને ભાઈ સામે મુંબઈમાં ફાઈનાન્સ કંપનીમાં નોકરી કરતી પુત્રવધૂને લગ્નના ચાર જ મહિનામાં દહેજ ભૂખ્યા બની શારીરિક-માનસિક ત્રાસ આપવા અંગે અડાજણ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. પતિએ 'સુગરવાળી કોફી પીઈશ તો તારી સાથે છોકરા પેદા નહીં કરું' જેવી વિચિત્ર શરતો મૂકી મારઝૂડ કરી હતી અને પિતા પાસેથી ૨૫ લાખ રૂપિયા પડાવ્યા બાદ પણ વધુ ૧૦ લાખની માગણી કરી ઘર બહાર હાંકી કાઢી હતી.

મુંબઈના મલાડ ઈસ્ટ ખાતે રહેતી અને લોઅર પરેલ સ્થિત આઈઆઈએફએલ ફાઈનાન્સ કંપનીમાં નોકરી કરતી ૩૦ વર્ષીય યુવતીના લગ્ન નવેમ્બર-૨૦૨૨માં સુરતના ડુમસ રોડ પર આવેલી અવધ યુથોપિયા ખાતે પાલ આરટીઓ રોડ પર કાસા રિવિરામાં રહેતા યશ બોબી પટેલ સાથે સમાજના રીત-રિવાજ મુજબ થયા હતા. લગ્ન બાદ ચાર મહિના સાસરીમાં રહ્યા બાદથી જ સાસરિયાઓનો અસલી ચહેરો સામે આવ્યો હતો. પતિ યશ પટેલે લગ્ન બાદ પત્નીને તું સુગરવાળી કોફી પીશ તો તારી સાથે હું છોકરા પેદા નહીં કરું કહી તકરાર શરૂ કરી હતી. સંતાન અંગે પતિ-પત્ની બંને નિર્ણય લેતા હોય તેમ કહેતા પતિએ તેને થપ્પડ મારી દીધી હતી અને પિતાને વાત ન કરવા ધમકાવી હતી. ઉપરાંત સસરા બોબી પટેલે તું કેટલી પાતળી છે, તારા હાથ સાવ પાતળા છે અને તારા વાળ લાંબા છે તે કપાવી નાખ કહી તોછડું વર્તન કર્યું હતું. જ્યારે સાસુ દક્ષા પટેલે તારે પાંચ જ મિનિટમાં સ્નાન કરીને બહાર નીકળી જવાનું, વધારે સમય લેવાનો નહીં તેમ કહી મેણા-ટોણા મારવાનું શરૂ કર્યું હતું. દિયર સિદ્ધાંત પણ આટલું કહીએ છતાં કેમ રહે છે, નીકળી જા કહી અમાનુષી ત્રાસ આપતો હતો. દરમિયાન સાસરિયાઓએ દહેજમાં કંઈ નથી લાવ્યા તેમ કહી ત્રાસ ગુજારતા પરિણીતાના પિતાએ પુત્રીનું ઘર ન ભાંગે તે માટે પતિ યશના બેંક ખાતામાં ઓનલાઈન ૨૫ લાખ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. તેમ છતાં સાસરિયાઓએ વધુ ૧૦ લાખની ...અનુસંધાન પાના 11 પર

અવસાન/શ્રધ્ધાંજલિની જાહેરાત ઘર બેઠા આપવા માટે સંપર્ક કરો
M.81539 99901
ગુજરાતમિત્ર



૧૧મી પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

ભલે તમે સદેહે નથી અમારી સાથે, પ્રેમ તો વરસતો રહેશે સદા અમારી માથે, સ્નેહભર્યા સંસ્મરણો સાચવીશું જીંદગીભર સાચા જતનથી, પુણ્ય આત્માને પ્રભુ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરીએ સાચા મનથી..

સ્વ. ગીતાબેન પંકજકુમાર પટેલ
(સ્વ. તા. ૦૪/૧૦/૨૦૧૫)

પંકજકુમાર આર. પટેલ (એડવોકેટ અને નોટરી)
ડો. અંજલી એન. પટેલ (પુત્રી)
નિકુંજકુમાર આર. પટેલ (જમાઈ)
પાર્શ્વ નિકુંજકુમાર પટેલ (દોહિત્ર)
કૌશલ પી. પટેલ (પુત્ર)
અંજલિ કૌશલ પટેલ (પુત્રવધુ)
ઠાકોરભાઈ રવજીભાઈ પટેલ (બનેવી)
રમીલાબેન ઠાકોરભાઈ પટેલ (બહેન)
સમસ્ત કુટુંબ પરિવાર

રહે. ૧૫, કમલાપાર્ક સોસાયટી, પાલનપુર પાટીયા, રાંદેર રોડ, સુરત



શ્રધ્ધાંજલિ

નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ નૈનં દહતિ પાવકઃ ।
ન ચૈનં ક્લેદયન્ત્યાપો ન શોષયતિ મારુતઃ ॥
"શસ્ત્રો જેને છેદી નથી શકતા, અગ્નિ જેને બાળી નથી શકતો, પવન જેને સુકવી નથી શકતો, પાણી જેને ડુબાડી નથી શકતો, તે આત્મા અજય અમર છે."
પ્રભુ આપના દિવ્ય આત્માને ચિર શાંતિ આપે એજ પ્રાર્થના...

ચંદી સ્પોર્ટસ ટ્રસ્ટ
પ્રમુખ - શૈલેષભાઈ ગોનાવાલા ઉપપ્રમુખ - અલ્પેશભાઈ ઘંટીવાલા
મંત્રી - કલ્પેશભાઈ દમણવાળા ખજાનચી - પ્રફુલેશભાઈ બંદરીયા
તથા સમસ્ત ચંદી સ્પોર્ટસ ટ્રસ્ટના કમિટિ સભ્યો

સ્વ. ચંદ્રવદન મોહનલાલ હાથીવાળા
સ્વ. તા. 03/૧૦/૨૦૨૬

ગ્રાઉન્ડ ફ્લોર, ગોનાવાલા હાઉસ, મોટો મહોલ્લો, રૂસ્તમપુરા, સુરત.

બીજી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. રમેશભાઈ ગોપાળભાઈ પટેલ
જન્મ તા. ૧૭/૧૦/૧૯૫૫ સ્વ. તા. ૦૪/૧૦/૨૦૨૪, શુક્રવાર

મનુષ્ય જન્મથી નહીં પણ કર્મથી ઓળખાય છે,
એટલે જ તો મરણ કરતાં સ્મરણ વધુ બળવાન છે.
જેમાં આપની સ્મૃતિ એક વરદાન છે. તમે ગયા પણ તમારી યાદ હજી જીવંત છે.
પરમકૃપાળુ પરમાત્મા આપના પવિત્ર આત્માને શાંતિ અર્પે એ જ હૃદયપૂર્વક શ્રધ્ધાંજલિ.

લિ.
સ્વ. કાનજીભાઈ ગોપાળભાઈ પટેલ (ભાઈ) | ગં.સ્વ. ભારતીબેન કાનજીભાઈ પટેલ (ભાભી)
બંકિમભાઈ કાનજીભાઈ પટેલ (ભત્રીજા) | રશ્મીબેન બંકિમભાઈ પટેલ (ભત્રીજા વહુ)
શૈલેષભાઈ કાનજીભાઈ પટેલ (ભત્રીજા) | સાકિક્ષાબેન શૈલેષભાઈ પટેલ (ભત્રીજા વહુ)
હરીશભાઈ રામુભાઈ પટેલ (જમાઈ) | રીનાબેન હરીશભાઈ પટેલ (ભત્રીજી)
માર્ક, વિશ્વ, રુદ્ર, મોલિપા, યૈલિપા, દત્ત (ભાણેજ : પાર્થ, ખુશી, સેરી)
તથા સમસ્ત ગોપાળભાઈ ભાણાભાઈ પટેલ પરિવાર
ગામ : ભીમરાડ, કોલુ ફળિયું, તા. મજુરા, (સીટી) સુરત.



બેસણું

સ્વ. ચંદ્રવદન મોહનલાલ હાથીવાલા
સ્વ. તા. 03-૧૦-૨૦૨૬

દિલગીરી સહ જણાવવાનું કે અમારા વડીલ ચંદ્રવદન મોહનલાલ હાથીવાલા નું તા. 03/૧૦/૨૦૨૬, શનિવાર ના રોજ દુઃખદ અવસાન થયું છે.
પરમકૃપાળુ પરમાત્મા સદ્ગતના આત્માને શાંતિ આપે એવી પ્રાર્થના.
સદ્ગતનું બેસણું તા. ૦૪/૧૦/૨૦૨૬, રવિવાર ના રોજ
સવારે ૯:૦૦ થી ૧૧:૦૦ કલાક દરમ્યાન રાખવામાં આવેલ છે.
સ્થળ : ધમણવાલા એ.સી. હોલ, સીંગાપુરી ની વાડી, રૂસ્તમપુરા, સુરત.

શોકાતુર
ગં.સ્વ. મીનાબેન ચંદ્રવદન હાથીવાલા
સ્વ. દિપક ચંદ્રવદન હાથીવાલા (પુત્ર)
હીમાંશી પ્રકાશચંદ્ર તાણાવાલા (પુત્રી) પ્રકાશચંદ્ર ઈશ્વરલાલ તાણાવાલા (જમાઈ)
બીનીતા હરિવદન લાલવાલા (પુત્રી) હરિવદન પૂનમચંદ્ર લાલવાલા (જમાઈ)
છાયલ રોહિત ઝવેરી (પુત્રી) રોહિત તુલસીદાસ ઝવેરી (જમાઈ)
નીરવ - સિદ્ધાર્થ - જીગર - મિલિન્દ - જાનકી - ભાવિની
તથા સમસ્ત હાથીવાલા પરિવાર

પારસી મરણ - ઉઠમણું

અમારા સ્નેહી અને વડીલ જહાંબક્ષ રુસ્તમજી ડુમસિયા
(બરોડા રેયોનના નિવૃત્ત કર્મચારી) તા.૨-૧૦-૨૦૨૬ને શુક્રવારના રોજ ગુજર પામ્યા છે.

સદગતનું ઉઠમણું
તા. ૪-૧૦-૨૦૨૬ને રવિવારના રોજ બપોરે ૩.૪૫ કલાકે રાખેલ છે.
બેસણાંનું સ્થળ
શહેનશાહી આતશ બહેરામ, સૈયદપુરા પેટ્રોલ પંપની સામે, સૈયદપુરા, સુરત

લિ. ખુશ્નાન જહાંબક્ષ ડુમસિયા (પુત્ર) | બિનાઝ ફેડી મિસ્ત્રી (પુત્રી)
નાઝનીન ખુશ્નાન ડુમસિયા (પુત્રવધુ) | ફેડી એરચ મિસ્ત્રી (જમાઈ)
નીશમીન, જેહાન, નાશા, ફરશીદ
R.S.V.P
98254 56331 - 98797 57770

સ્વ. હિમાંશુભાઈ
ચંદ્રકાંતભાઈ પટેલ
સ્વ. તા. 30/૦૯/૨૦૨૬

ભાવભીની શ્રદ્ધાંજલિ

એક પળમાં જીંદગીભરનું સંભારણું છોડી ગયા,
જિંદગી ટૂંકી જીવીને લાગણીઓનો ભંડાર મુકી ગયા,
જીવ્યા થોડું પણ જીવી ગયા ઘણું,
તમારી સાથે વિતેલી ક્ષણો ક્યારેય ભુલાશે નહી.
પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના

લિ.
શાંતિલાલ ડી. પટેલ | વિક્રમ કક્કાર | નિતીન સુચક
અરવિંદ પટેલ | બીપીન એલ. પટેલ | પરિમલ પાટીવાલા
યતિન પટેલ | જયેશ પુજારા | રાજેન્દ્ર પુનાવાલા
ભિખેરા પટેલ | વિજય ચાફેકર | સુરેશ નાણાવટી
કેતન પટેલ | સુભાષ કાપડિયા | રમેશ શિંદે
બીપીન એચ. પટેલ | મદનસિંહ અટોદરિયા | વિજય કંથારીયા
શાંતિલાલ આર. પટેલ | અશ્વિન પેઈન્ટર | મુકુંદ ગજજર
પ્રમેશ પટેલ | સુખદેવ પટેલ | અહમદ કાકા
વિજય પટેલ | | રાજેશ બર્મન